અનુસંધાન... પાના પહેલાનું

દિલ્હી ડાયરી...

ક્ષોભજનક સ્થિતિનો સામનો કરવો પડ્યો હતો. મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે, આ નિમણૂક આતંકવાદના ધિરાણ અને ગેરકાયદે નાણાકીય નેટવર્કનો સામનો કરવાના વૈશ્વિક પ્રયાસોમાં ભારતની વધતી જતી ભૂમિકાને દર્શાવે છે. વિદેશ મંત્રાલયે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું છે કે, "ભારત આતંકવાદ સામે ઝીરો-ટોલરન્સ નીતિનું સમર્થન કરવાનું ચાલુ રાખતું હોવાથી આ નેતૃત્વની ભૂમિકા વૈશ્વિક આતંકવાદી ધિરાણ નેટવર્કનો સામનો કરવા અને ગેરકાયદે નાણાકીય પ્રણાલીઓને નાબૂદ કરવા પરના અમારા અવિરત ધ્યાનને વધુ મજબૂત બનાવે છે." આ ક્ષેત્રમાં અગ્રવાલના અનુભવ પર પ્રકાશ પાડતાં મંત્રાલયે નોંધ્યું હતું કે, તેઓ અગાઉ ભારતના એફએટીએફ પ્રતિનિધિમંડળના વડા રહી ચૂક્યા છે અને ફાઇનાન્સિયલ ઇન્ટેલિજન્સ યુનિટ-ઇન્ડિયાના ડિરેક્ટર તરીકે પણ સેવા આપી ચૂક્યા છે.

અમેરિકામાં ઓગસ્ટથી...

યુનિફાઇડ રેગ્યુલેટરી એજન્ડાનો એક ભાગ છે. જો આ ફેરફારો લાગુ કરવામાં આવે, તો તેનો અર્થ એ થઈ શકે છે કે પાત્રતાના નિયમો વધુ કડક બનશે, પેપરવર્ક વધશે, નોકરીદાતાઓની વધુ ઝીણવટભરી તપાસ થશે અને વિદેશી કામદારોને નોકરી પર રાખતી કંપનીઓ માટે ખર્ચ વધશે. આનાથી સૌથી વધુ અસરગ્રસ્ત થનારા દેશોમાં ભારત મોખરે હોવાની સંભાવના છે, કારણ કે યુએસમાં H-1B વિઝા ધારકો, રોજગાર આધારિત ગ્રીન કાર્ડ અરજદારો અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં ભારતીયોનો હિસ્સો ઘણો મોટો છે. સૌથી મોટા સૂચિત ફેરફારોમાંનો એક H-1B વિઝા પ્રોગ્રામ સંબંધિત છે, જે અમેરિકી કંપનીઓને વિશિષ્ટ ક્ષેત્રોમાં વિદેશી વ્યાવસાયિકોને નોકરી પર રાખવાની મંજૂરી આપે છે. DHS ઓગસ્ટમાં એક સૂચિત નિયમ પ્રકાશિત કરે તેવી અપેક્ષા છે જે આ પ્રોગ્રામના કેટલાક ભાગોને વધુ કડક બનાવશે.

સુરતની ખાડી પૂર...

કલેક્ટર તેજસ પરમારે જણાવ્યું હતું કે પલસાણા અને કામરેજ તાલુકામાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં નુકસાનનો સર્વે ઝડપી ગતિએ ચાલી રહ્યો છે અને કેશ ડોલ્સ તેમજ ઘરવખરી સહાયની ચૂકવણી શરૂ કરી દેવામાં આવી છે. શહેર અને જિલ્લામાં અંદાજે 40 કાચા-પાકા મકાનોને નુકસાન થયું હોવાનું પણ તેમણે જણાવ્યું. બેઠકમાં શાલિની અગ્રવાલ, મુકેશ પટેલ, મનુ પટેલ, સંદીપ દેસાઈ, અરવિંદ રાણા, સંગીતા પાટીલ, કિશોર કાનાણી, કાંતિ બલર, પ્રવિણ ઘોઘારી, સમીર મોદી, માયા માવાણી, વાબાંગ જમીર, વિક્રાંત પાંડે, દેવેન્દ્ર પ્રકાશ મીના, રાજેશ ગઢિયા, વિજય રબારી સહિત પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સુરતની બેઠક પૂર્ણ થયા બાદ ભૂપેન્દ્ર પટેલ નવસારી પહોંચ્યા હતા, જ્યાં ભારે વરસાદથી સર્જાયેલી પરિસ્થિતિની સમીક્ષા કરી જિલ્લા વહીવટી તંત્રને બચાવ, રાહત અને સહાય કામગીરી વધુ અસરકારક રીતે આગળ વધારવા જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

અમેરિકા-ઇરાનના...

અધિકારીઓએ દાવો કર્યો છે કે યુએસ સૈન્ય હુમલાઓને કારણે દક્ષિણ ઈરાનમાં આવેલા બુશેહર પરમાણુ પાવર પ્લાન્ટની સરહદ પર કાટમાળ અને ધાતુના અણિદાર ટુકડાઓ પડ્યા હતા. અમેરિકાએ ઈરાનના ચાબહાર બંદર પર પણ હુમલો કર્યો છે જે બાબત ભારત માટે એક ચિંતાની વાત બની ગઈ છે. ઈરાનનું ચાબહાર બંદર વિકસાવવા માટે ભારતે કરાર કર્યો છે અને આ બંદર પાકિસ્તાનને બાયપાસ કરીને મધ્ય એશિયા અને અફઘાનિસ્તાન સુધી પહોંચવા માટે ભારત માટે મહત્વનું બંદર છે. સામસામે થયેલા આ હુમલાઓએ યુદ્ધવિરામને વારંવાર જોખમમાં મૂક્યો છે. જો કે, ગુરુવારના હુમલા વધુ મોટા પાયે થયા હોય તેવું લાગતું હતું, જેમાં અમેરિકી નૌકાદળના 5મા કાફલાના મુખ્ય મથક એવા બહેરીનમાં ઓછામાં ઓછી ત્રણ વખત સાયરન વાગી હતી અને કુવૈત તથા કતારને નિશાન બનાવીને મિસાઈલો છોડવામાં આવી હતી. ગુરુવારે બપોરે જોર્ડનમાં પણ સાયરન વાગી હતી, જ્યાં અમેરિકાએ પોતાના સૈનિકો અને વિમાનો તૈનાત રાખ્યા છે. કુવૈત અને બહેરીનમાં અમેરિકાના ૮૫ સ્થળોને નિશાન બનાવાયા હોવાનુ ઇરાને જણાવ્યું હતું. ઈરાનના એક અધિકારીએ અમેરિકા પર આરોપ લગાવ્યો છે કે તેણે ગુરુવારે મોડેથી ઈરાનના એકમાત્ર પરમાણુ પાવર પ્લાન્ટની આસપાસના વિસ્તારને નિશાન બનાવીને હવાઈ હુમલો કર્યો હતો. આ ઉપરાંત બપોર દરમિયાન દેશમાં અન્ય સ્થળોએ પણ વિસ્ફોટો થયા હોવાના અહેવાલ છે.

ઓઇલના ભાવોમાં...

0.3 ટકા વધ્યો હતો અને જર્મનીનો DAX 0.1 ટકા ઉપર ટ્રેડ થઈ રહ્યો હતો. એશિયામાં ટોક્યોનો નિક્કેઈ 225 સપ્તાહની શરૂઆતમાં થયેલા તેના નુકસાનમાંથી થોડો રિકવર થયો હતો અને 1.4 ટકા વધીને 67,743.85 પર બંધ રહ્યો હતો. દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ દિવસ દરમિયાન ઉતાર-ચઢાવ બાદ આખરે 0.6 ટકા વધીને 7,291.91 પર બંધ રહ્યો હતો, જો કે દિવસની શરૂઆતમાં તે ગગડ્યો હતો. શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 1.7 ટકા વધીને 4,036.59 પર ટ્રેડ થઈ રહ્યો હતો, હોંગકોંગનો હેંગસેંગ 0.7 ટકા ઘટીને 24,030.18 પર આવી ગયો હતો.

ભારત-ઓસ્ટ્રેલિયા...

ભાગીદારીની મહત્વપૂર્ણ ભૂમિકાને વધુ મજબૂત બનાવી છે. નવી દિલ્હીના પરમાણુ ઉર્જા પ્રોજેક્ટ્સને ઈંધણ પૂરું પાડવા માટે ઓસ્ટ્રેલિયાથી ભારતને યુરેનિયમના વ્યાપારી પુરવઠાની સુવિધા આપતો નાગરિક પરમાણુ ઉર્જા અંગેનો આ કરાર, બંને દેશો વચ્ચે ઐતિહાસિક નાગરિક પરમાણુ સહયોગ કરાર થયાના લગભગ 12 વર્ષ બાદ આવ્યો છે. અન્ય એક મહત્વપૂર્ણ નિર્ણયમાં, ભારત અને ઓસ્ટ્રેલિયાએ પ્રસ્તાવિત વ્યાપક આર્થિક સહયોગ કરાર તેમજ દ્વિપક્ષીય રોકાણ સંરક્ષણ માળખાને ઝડપથી આખરી ઓપ આપવા માટે કામ કરવાનો નિર્ણય કર્યો છે. બંને વડાપ્રધાનો વચ્ચેની શિખર મંત્રણા બાદ હસ્તાક્ષર કરાયેલા 18 કરારોમાં સંરક્ષણ અને સુરક્ષા સહયોગ પર સંયુક્ત ઘોષણાપત્ર, દરિયાઈ સુરક્ષા સહયોગ રોડમેપ, ઉર્જા સુરક્ષા પર સંયુક્ત નિવેદન અને સાયબર, ક્રિટિકલ ટેકનોલોજી તથા સપ્લાય ચેઈન માટેની ભાગીદારીનો સમાવેશ થાય છે.

દેશના અનેક ભાગોમાં...

ટ્રાફિક જામના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. નેશનલ હાઈવે-9 પર ગાઝીપુર બોર્ડર નજીક પાણી ભરાઈ જવાના કારણે દિલ્હી-ગાઝિયાબાદ રૂટ પર વાહનોની લાંબી લાઇન લાગી ગઇ હતી. ગયા ૨૪ કલાક દરમિયાન સતત થયેલા વરસાદને કારણે ભૂસ્ખલન થતાં અને નદીઓની જળસપાટીમાં વધારો થતાં ઉત્તરાખંડ હાઈ એલર્ટ પર રહ્યું છે. નવ રાજ્ય ધોરીમાર્ગો સહિત ૧૦૭ માર્ગો પર વાહનવ્યવહાર ખોરવાયો હતો. હવામાન વિભાગ દ્વારા દેહરાદૂન સહિત સાત જિલ્લાઓ માટે 'રેડ' એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજસ્થાનમાં, વ્યાપક વરસાદે રાજ્યના ભાગોને ભીંજવી દીધા હતા, હવામાન વિભાગે ગુરુવારે કોટા અને ભરતપુર ડિવિઝનના અલગ-અલગ વિસ્તારોમાં અત્યંત ભારે વરસાદની આગાહી કરી હતી. કેરળના કેટલાક ભાગોમાં ભારે વરસાદ ચાલુ રહેતાં, IMD એ ગુરુવારે રાજ્યના ત્રણ જિલ્લાઓ માટે 'ઓરેન્જ' એલર્ટ જાહેર કર્યું હતું.

RAJ IMPERIAL
Tickets Booking@Raj Imperial Inox
Ph.: 02612577777
INOX
વરાછા સરથાણા નેચર પાર્ક પાસે

ખજાના-શોધની રોમાંચક સફરથી હસાવતી ફિલ્મ

ધમાલ - 4
અજય દેવગન, અરશદ વારસી, રીતેશ દેશમુખ, સંજય મિશ્રા, જાવેદ જાફરી
ATMOS : ૯.૦૦, ૯.૩૫, ૧૦.૨૦, ૧૨.૦૦, ૧૨.૩૫, ૧.૩૦, ૨.૫૫, ૩.૩૫, ૪.૨૫, ૬.૦૦, ૬.૩૫, ૭.૨૦, રાત્રે : ૯.૦૦, ૯.૩૫, ૧૦.૧૫

એકશન-સંવાદો
આલ્ફા
બોબીદેઓલ, આલીયાભટ્ટ, અનીલકપુર
૯.૦૦, ૧૨.૩૦, ૩.૨૫, ૬.૪૦, રાત્રે : ૯.૪૦

વેલકમ ટુ ધ જંગલ
૯.૦૦, ૧૨.૦૦, ૩.૨૦, ૬.૨૦, રાત્રે: ૯.૩૫

એવલ ડેડ બર્ન
(હિન્દી) ૯.૩૦, ૨.૩૦, રાત્રે ૯.૫૦

મોના 3D હિન્દી ૧૨.૦૦, ૫.૦૦
રંગા ગુજરાતી ૭.૩૦

RAJHANS
ગોપીતળાવ
નવસારી બજાર, સુરત

ધમાલ - 4
૧૦.૦૦, ૧૧.૧૫, ૧૨.૪૫, ૨.૦૦, ૩.૩૦, ૪.૪૫, ૬.૧૫, ૭.૩૦, રાત્રે : ૯.૦૦, ૧૦.૧૫
આલ્ફા
૧.૧૫, ૭.૧૫
વેલકમ ટુ ધ જંગલ
૪.૦૦, રાત્રે : ૧૦.૦૦

પંજાબનાં લોકો પ્રતિબંધિત 'સતલુજ' ફિલ્મ ગેરકાયદે ડાઉનલોડ કરીને જાહેરમાં જોઈ રહ્યાં છે

દિલજીત દોસાંઝની ફિલ્મ 'પંજાબ ૯૫' ત્રણ વર્ષ સુધી સેન્સર બોર્ડ પાસે અટવાઈ ગઈ હતી. સેન્સર બોર્ડે તેમાં ૧૨૭ કટનો આદેશ આપ્યો હતો. આના કારણે ફિલ્મને પ્રતિબંધિત કરવામાં આવી હતી, પરંતુ હવે તેને OTT પ્લેટફોર્મ પર નવા શીર્ષક 'સતલુજ' સાથે રિલીઝ કરવામાં આવી છે. તેમાં કોઈ કટ કરવામાં આવ્યા નથી. આ ફિલ્મ એક સત્ય ઘટના પર આધારિત છે, જેની રાહ પંજાબનાં કરોડો દર્શકો લાંબા સમયથી જોઈ રહ્યાં હતાં. આ ફિલ્મનું પ્રીમિયર ૨૦૨૩માં ટોરોન્ટો ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં થયું હતું. આ ફિલ્મમાં દિલજીત દોસાંઝ માનવાધિકાર કાર્યકર્તા જસવંતસિંહ ખાલરાની ભૂમિકા ભજવે છે, જેમણે ગુમ થયેલાં ૨૫,૦૦૦ શીખો માટે લડત આપી હતી અને યુવાનોને આતંકવાદી ગણાવતા નકલી એન્કાઉન્ટર સામે અવાજ ઉઠાવ્યો હતો. પોલીસે તેમનું અપહરણ કર્યું હતું અને નકલી એન્કાઉન્ટર કર્યું હતું. દિલજીત દોસાંઝની મુખ્ય ભૂમિકામાં અભિનીત 'સતલુજ' ફિલ્મ ૩ જુલાઈ ૨૦૨૬ના રોજ OTT પ્લેટફોર્મ Zee5 પર રિલીઝ થઈ હતી, પરંતુ ૪૮ કલાક પછી તેને Zee5 પરથી દૂર કરવામાં આવી હતી. આ પછી, પંજાબનાં વિવિધ ગામડાંઓ અને શહેરોમાં લોકો આ ફિલ્મ જાતે ડાઉનલોડ કરી રહ્યાં છે અને મોટા LED સ્ક્રીન પર સ્ટ્રીમ કરી રહ્યાં છે. લોકો ગુરુદ્વારા અને ખુલ્લી જગ્યાઓમાં પણ સાથે મળીને ફિલ્મ જોઈ રહ્યાં છે. ભાજપના પંજાબ એકમે કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયને આ મામલે પુનર્વિચાર કરવાની માંગણી કરી છે. છેલ્લા કેટલાક દિવસોમાં ગુરદાસપુર, સંગરુર, જલંધર, રૂપનગર (રોપર), ભટિંડા, ફિરોઝપુર, મોગા અને પટિયાલા સહિત અનેક જિલ્લાઓનાં વિવિધ ગામોમાં 'સતલુજ' ના સ્ક્રીનિંગના ફોટા અને વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયા છે. રાજસ્થાનના શ્રી ગંગાનગર વિસ્તારમાંથી આવી જ એક સ્ક્રીનિંગની તસવીરો પણ વાયરલ થઈ હતી, જેને દિલજીતે પોતાના ઇન્સ્ટાગ્રામ પેજ પર શેર કરી હતી. ૧૯૯૦ના દાયકામાં પંજાબમાં આતંકવાદ ચરમસીમાએ હતો. કેપીએસ ગિલ પંજાબના ડીજીપી હતા. ખાલિસ્તાની ચળવળ પણ વેગ પકડી રહી હતી. ૧૯૮૪માં ઓપરેશન બ્લુ સ્ટાર થયું અને તત્કાલીન વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીની હત્યા કરવામાં આવી હતી, જેના કારણે પંજાબમાં શીખ વિરોધી રમખાણો ફાટી નીકળ્યાં હતાં. લગભગ એક દાયકા સુધી પંજાબે એક લોહિયાળ સમય જોયો હતો, જેણે બધાને ડરાવી દીધાં હતાં. તે સમય દરમિયાન પંજાબ પોલીસ પર પુરાવા વિના યુવાનોની હત્યા કરવાનો, તેમને આતંકવાદી ગણાવવાનો અને એન્કાઉન્ટરમાં ફાંસી આપવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. માનવાધિકાર કાર્યકર જસવંતસિંહ ખાલરાએ એવો દાવો કરીને બધાને ચોંકાવી દીધા કે પોલીસે યુવાનોના નકલી એન્કાઉન્ટર કર્યાં હતાં. તેમણે પહેલાં અનેક સ્મશાનભૂમિની મુલાકાત લીધી અને તપાસ કરી, જેમાં જાણવા મળ્યું કે આશરે ૨૫,૦૦૦ શીખ યુવાનો ગુમ છે. આ ગુમ થવાની ઘટનાઓ ૧૯૮૪ થી ૧૯૯૪ ની વચ્ચે બની હતી. જસવંતસિંહ ખાલરાએ દાવો કર્યો હતો કે પોલીસે કાં તો લગભગ ૨,૦૦૦ શીખોને અગ્નિસંસ્કાર આપ્યા હતા, તેમને બિનવારસી જાહેર કર્યાં હતાં અથવા તેમના મૃતદેહોને નદીમાં ફેંકી દીધા હતા.

જસવંતસિંહ ખાલરા અમૃતસર સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંકમાં ડિરેક્ટર હતા, પરંતુ તેઓ માનવ અધિકાર કાર્યકર્તા પણ હતા. જસવંતસિંહ ખાલરાના આખા પરિવારે ભારતની સ્વતંત્રતા માટે લડાઈ લડી હતી અને મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. જસવંતના દાદા હરનામ સિંહ ખાલરાને ૧૦ વર્ષ સુધી નજરકેદ રાખ્યા બાદ અંગ્રેજો દ્વારા ફાંસી આપવામાં આવી હતી. જસવંતના પિતા કરતારસિંહ ભારત છોડો ચળવળના સભ્ય હતા. એક દિવસ જ્યારે તેમના મિત્ર અને સાથીદાર પ્યારા સિંહ ગુમ થઈ ગયા, ત્યારે જસવંતસિંહ તેમને શોધવા માટે સ્મશાનભૂમિ ગયા હતા. ત્યાં

ટુ ધ પોઇન્ટ ▪ સંજય વોરા ▪

જસવંતસિંહને ખબર પડી કે મોટી સંખ્યામાં મૃતદેહોને દાવા વગરના શબ તરીકે અગ્નિસંસ્કાર કરવામાં આવી રહ્યા હતા. જસવંતસિંહે જે.એસ. ધિલ્લોન સાથે મળીને ૧૯૯૫માં એક પ્રેસ નોટ તૈયાર કરી હતી, જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે પોલીસ મૃતદેહોને સ્મશાનભૂમિમાં લઈ ગઈ હતી, જ્યાં તેમને બિનવારસી જાહેર કરીને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા હતા. આ પ્રેસ નોટમાં તેમણે વર્ણન કર્યું હતું કે ખાલરા, કૈરોન, વલતોહા અને હરિકા જેવાં ગામડાંઓમાંથી અસંખ્ય બિનવારસી મૃતદેહો કેવી રીતે લાવવામાં આવ્યા હતા. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે ૧ જૂન, ૧૯૮૪ અને ૧૯૯૪ના અંત વચ્ચે ૨,૦૦૦ મૃતદેહોને બિનવારસી જાહેર કર્યા પછી તેમના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા હતા. જસવંતસિંહની આ પ્રેસ નોટે ભારે હોબાળો મચાવ્યો હતો અને થોડા મહિનાઓ પછી જસવંતસિંહ ખાલરા જ ગાયબ થઈ ગયા હતા.

હકીકતમાં જસવંતસિંહ ખાલરાને પોલીસે ઉપાડી લીધા હતા. આ ઘટનાના પ્રત્યક્ષદર્શી રાજીવે આ વાતનો ખુલાસો કર્યો હતો. તેમણે કહ્યું કે ૬ સપ્ટેમ્બર, ૧૯૯૫ ના રોજ તેઓ જસવંતસિંહના ઘરે બેઠા હતા.

જસવંતસિંહ બહાર પોતાની કાર ધોઈ રહ્યા હતા અને એક પત્રકારની રાહ જોઈ રહ્યા હતા. તેઓ બધા સ્મશાન જવાના હતા. પછી પંજાબ પોલીસના બે ડીએસપી અને ત્રણ ઇન્સ્પેક્ટર ત્રણ-ચાર માણસો સાથે પહોંચ્યા હતા અને જસવંતસિંહને ઉપાડી ગયા હતા. તે ઘટનાના દોઢ મહિના પછી પોલીસે જસવંતસિંહને ગોળી મારીને તેમની હત્યા કરી હતી અને તેમના શરીરને હરિકે કેનાલમાં ફેંકી દીધું હતું. તેઓ પોલીસ એન્કાઉન્ટરમાં માર્યા ગયા હતા.

આ કેસની તપાસ સીબીઆઈ દ્વારા કરવામાં આવી હતી, જેમાં રાજીવ અને પંજાબના ભૂતપૂર્વ સ્પેશ્યલ પોલીસ ઓફિસર કુલદીપે જુબાની આપી હતી, જેમની હાજરીમાં જસવંતસિંહને ગોળી મારીને તેમના શરીરને ફેંકી દેવામાં આવ્યું હતું. કુલદીપે જણાવ્યું હતું કે જસવંતને મારતાં પહેલાં ક્રૂર રીતે ત્રાસ આપવામાં આવ્યો હતો. તપાસ બાદ સીબીઆઈએ ચાર્જશીટ દાખલ કરી હતી, જેમાં સ્વીકારવામાં આવ્યું હતું કે પોલીસે જસવંતસિંહ ખાલરનું અપહરણ કરીને તેમની હત્યા કરી હતી. આ કેસમાં ચાર પોલીસ અધિકારીઓને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી, જ્યારે અન્ય આરોપીઓને સાત વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી.

ગુરદાસપુરના મંછોપરા ગામમાં જાહેરમાં ફિલ્મ જોવા આવેલાં લોકોએ ફિલ્મ 'સતલુજ' પર લાદવામાં આવેલા પ્રતિબંધ પર સવાલ ઉઠાવ્યા હતા અને પોતાના સ્તરે ફિલ્મના પ્રદર્શનને સમર્થન આપ્યું હતું. ફિલ્મ જોવા આવેલા એક યુવકે કહ્યું કે ફિલ્મ બતાવવાનો અમારો હેતુ લોકોને જણાવવાનો છે કે કેવી રીતે પંજાબના નિર્દોષ યુવાનોની તેમનાં ઘરમાંથી અપહરણ કરીને હત્યા કરવામાં આવી હતી અને જસવંતસિંહ ખાલરા તેમના માટે કેવી રીતે લડ્યા હતા. આ પહેલી વાર છે જ્યારે કોઈએ ફિલ્મ દ્વારા આ બતાવવાનો પ્રયાસ કર્યો છે, તેથી આવી ફિલ્મ લોકો સુધી પહોંચે તે મહત્ત્વપૂર્ણ છે, પરંતુ સરકાર ફિલ્મને રિલીઝ થવા દેતી નથી, તેથી અમે આ ફિલ્મ અમારા સ્તરે લોકોને બતાવી રહ્યા છીએ. ફિલ્મ જોયા પછી તે સમયગાળા દરમિયાન જે પરિવારોનાં સભ્યો ગુમ થયાં હતાં તેમની રાહ પૂરી થઈ ગઈ છે. અમને પંજાબના ઇતિહાસ અને ખાલરા સાહેબ વિશે ઘણી બધી બાબતો જાણવા મળી છે જે અમને પહેલાં ખબર નહોતી. અમે કંઈ ખોટું કરી રહ્યાં નથી. જો ફિલ્મ બની છે, તો અમને તે જોવાની મંજૂરી આપવી જોઈએ. અમે સરકારને અપીલ કરીએ છીએ. મોગાના ગુરુદ્વારા સાહિબ ખાતે ફિલ્મના સ્ક્રીનિંગના આયોજક રાજવંતસિંહ માલ કહે છે કે આપણા દેશની સરકારે જસવંતસિંહ ખાલરા પર બનેલી ફિલ્મને રિલીઝ થવા દીધી ન હતી. અમને ઉત્સુકતા હતી કે અમને અમારા હીરોની ફિલ્મ કેમ જોવા દેવામાં આવી રહી નથી, જેઓ અમારા માટે લડ્યા હતા. જો ગેરકાયદેસર રીતે ફિલ્મ બતાવવા બદલ અમારી સામે કોઈ કાર્યવાહી કરવામાં આવે તો અમે તેના માટે તૈયાર છીએ. સૌથી મોટો ગુનો એ છે કે લોકોને માનવ અધિકારોની વાત કરતા વ્યક્તિની ફિલ્મ જોવાની મંજૂરી નથી. જો કે, ફિલ્મના દિગ્દર્શક હની ત્રેહને લોકોને અપીલ કરી છે જેઓ ગેરકાયદેસર રીતે ફિલ્મ ડાઉનલોડ કરીને બતાવે છે તેઓ આમ ન કરે. Zee5 એ દર્શકોને 'સતલુજ' ફિલ્મની ફરીથી રજૂઆતની રાહ જોવાની અપીલ કરી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

આ ફિલ્મમાં દિલજીત દોસાંઝ માનવાધિકાર કાર્યકર્તા જસવંતસિંહ ખાલરાની ભૂમિકા ભજવે છે, જેમણે ગુમ થયેલા કે ફેક એન્કાઉન્ટરનો ભોગ બનેલાં ૨૫,૦૦૦ શીખો માટે લડત આપી હતી

ફક્ત રૂ. ૮૦/- થી શરૂ
ખજાના-શોધની રોમાંચક સફર

ધમાલ -4
૧૨.૩૦, ૧૨.૪૫, ૩.૩૦, ૩.૪૫, ૬.૩૦, રાત્રે ૯.૩૦
હાસ્યનું હુલ્લડ

વેલકમ ટુ ધ જંગલ
અક્ષયકુમાર, પરેશ રાવલ, સુનીલ શેટ્ટી
બે શોઃ ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ-બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

cello

નોંધાયેલી ઓફિસઃ 597/2A, સોમનાથ રોડ, ડાભેલ, નાની દમણ, દમણ અને દીવ-396 210. (ભારત)
કોર્પોરેટ ઓફિસઃ સેલો હાઉસ, કોર્પોરેટ એવન્યુ, 'બી' વિંગ, 8મો માળ, સોનાવાલા રોડ, ગોરેગાંવ (ઈસ્ટ), મુંબઈ-400 063, (ભારત),
ટેલિફોન નં.: 022-69970000; CIN: L25209DD2018PLC009865
ઈમેલ- grievance@celloworld.com; વેબસાઈટ- www.corporate.celloworld.com

સેલો વર્લ્ડ લિમિટેડની 8મી વાર્ષિક સાધારણ સભા (AGM) અંગેની માહિતી જે વિડીયો કોન્ફરન્સિંગ ("VC") / અન્ય ઓડિયો-વિઝ્યુઅલ માધ્યમો ("OVAM") દ્વારા યોજાશે

સભ્યોએ કૃપા કરીને નોંધ લેવી કે સેલો વર્લ્ડ લિમિટેડ ("કંપની")ના સભ્યોની 8મી વાર્ષિક સાધારણ સભા ("AGM") શુક્રવાર, 07 ઓગસ્ટ, 2026ના રોજ સવારે 11:00 વાગ્યે (IST) વીડિયો કોન્ફરન્સ ("VC") / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો ("OAVM") (જેને અહીંથી આગળ "ઇલેક્ટ્રોનિક માધ્યમ" તરીકે ઓળખવામાં આવશે) દ્વારા યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે, જેથી AGM બોલાવવા માટે મોકલવામાં આવી રહેલી AGMની નોટિસમાં દર્શાવેલ કામકાજ હાથ ધરી શકાય. આ સભા કંપનીઝ એક્ટ, 2013 ("એક્ટ")ની લાગુ પડતી જોગવાઈઓ અને તેની અંતર્ગત બનાવેલા નિયમો તેમજ તારીખ 08 એપ્રિલ, 2020 ના જનરલ સર્ક્યુલર નંબર 14/2020 અને આ સંદર્ભમાં બહાર પાડવામાં આવેલા ત્યારપછીના સર્ક્યુલરો, જેમાં કોર્પોરેટ બાબતોના મંત્રાલય ("MCA") દ્વારા બહાર પાડવામાં આવેલ તાજેતરના તારીખ 25 સપ્ટેમ્બર, 2023 ના જનરલ સર્ક્યુલર નંબર 09/2028 (જેને અહીંથી સામૂહિક રીતે "MCA સર્ક્યુલર્સ" તરીકે ઓળખવામાં આવશે) અને SEBI દ્વારા બહાર પાડવામાં આવેલ તારીખ 05 જાન્યુઆરી, 2023ના સેબી સર્ક્યુલર નંબર SEBI/HO/CFD/PoD-2/P/CIR/2023/4 અને તારીખ 07 ઓક્ટોબર, 2023ના સર્ક્યુલર નંબર SEBI/HO/CFD/CFD-PoD-2/P/CIR/2023/16 તેમજ આ સંદર્ભમાં બહાર પાડવામાં આવેલા અન્ય સર્ક્યુલરોના પાલન સાથે યોજાશે, જે કોઈ સામાન્ય સ્થળે સભ્યોની ભૌતિક ઉપસ્થિતિ વિના, ઇલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા AGM યોજવાની મંજૂરી આપે છે.

સભ્યો માત્ર ઇલેક્ટ્રોનિક માધ્યમથી જ AGMમાં હાજરી આપી શકે છે અને ભાગ લઈ શકે છે. AGMમાં જોડાવા માટેની સૂચનાઓ AGMની નોટિસમાં આપવામાં આવશે. ઇલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા સભામાં હાજર રહેલા સભ્યોને એક્ટની કલમ 103 હેઠળ કોરમની ગણતરીના હેતુ માટે ગણતરીમાં લેવામાં આવશે.

ઉપરોક્ત MCA અને SEBIના સર્ક્યુલર્સ મુજબ, નાણાકીય વર્ષ 2025-26 માટેના એન્યુઅલ રિપોર્ટ સાથે AGMની નોટિસ યોગ્ય સમયે ઇલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા તે સભ્યોને મોકલવામાં આવી રહી છે જેમના ઇમેઇલ સરનામાં કંપની/ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ(ઓ) અને/અથવા MUFG ઇનટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ ("RTA") પાસે નોંધાયેલા છે. વાર્ષિક અહેવાલ સાથે AGMની નોટિસની ફિઝિકલ કોપી તે સભ્યોને મોકલવામાં આવશે જેઓ grievance@celloworld.com પર ઇમેઇલ મોકલીને તેની વિનંતી કરશે. નાણાકીય વર્ષ 2025-26 માટેની AGMની નોટિસ અને વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઇટ www.corporate.celloworld.com પર તેમજ BSE લિમિટેડની વેબસાઇટ www.bseindia.com અને ધ નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડની વેબસાઇટ www.nseindia.com પર પણ ઉપલબ્ધ રહેશે.

ઇલેક્ટ્રોનિક ક્લિયરિંગ સિસ્ટમ (ECS) દ્વારા સીધું ડિવિડન્ડ મેળવવાની સુવિધા માટે, સભ્યોને ડિવિડન્ડની રકમ સીધી ઇલેક્ટ્રોનિક પદ્ધતિથી જમા કરાવવાનો વિકલ્પ પસંદ કરવા વિનંતી છે. ડીમેટ સ્વરૂપે શેર ધરાવતા સભ્યોને વિનંતી છે કે તેઓ તેમના સંબંધિત ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ દ્વારા NSDL/CDSLને વિગતો પ્રદાન કરે. જે સભ્યોએ તેમના બેંક ખાતાની વિગતો અપડેટ કરી નથી, તેમને ડિવિડન્ડ વોરંટ/ડિમાન્ડ ડ્રાફ્ટ યોગ્ય સમયે તેમના નોંધાયેલા સરનામે મોકલવામાં આવશે.

ઈમેઈલ સરનામાં નોંધણી/અપડેટ કરવાની રીતઃ

જો સભ્યએ કંપની/RTA/ડિપોઝિટરીઝ પાસે પોતાનું ઇમેઇલ સરનામું/બેંક ખાતાની વિગતો નોંધાવી ન હોય, તો નીચેની સૂચનાઓનું પાલન કરવાનું રહેશેઃ

(i) ડીમેટ મોડમાં શેર ધરાવતા હોવાના કિસ્સામાંઃ સભ્યએ કૃપા કરીને ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ ("DP")નો સંપર્ક કરવો અને DP દ્વારા અનુસરવામાં આવતી અને સૂચવવામાં આવેલી પ્રક્રિયા મુજબ ડીમેટ ખાતામાં ઇમેઇલ સરનામું નોંધાવવું.

ઈ-વોટિંગ દ્વારા મત આપવાની રીતઃ

કંપની તેના તમામ સભ્યોને AGMની નોટિસમાં નિર્ધારિત તમામ ઠરાવો પર પોતાના મત આપવા માટે રિમોટ ઇ-વોટિંગ સુવિધા ("ઇ-વોટિંગ") પૂરી પાડી રહી છે. આ ઉપરાંત, કંપની AGM દરમિયાન ઇ-વોટિંગ સિસ્ટમ દ્વારા મત આપવાની સુવિધા પણ પૂરી પાડી રહી છે. ઇ-વોટિંગ માટેની વિગતવાર પ્રક્રિયા AGMની નોટિસમાં આપવામાં આવી છે. કોઈપણ વ્યક્તિ, જે AGMની નોટિસ મોકલ્યા પછી કંપનીના શેર ખરીદે છે અને કંપનીના સભ્ય બને છે અને કટ-ઓફ તારીખ એટલે કે 31 જુલાઈ, 2026ના રોજ શેર ધરાવે છે, તેઓ rnt.helpdesk@in.mpms.mufg.com પર વિનંતી મોકલીને લોગિન આઈડી અને પાસવર્ડ મેળવીને રિમોટ ઇ-વોટિંગ દ્વારા ઇલેક્ટ્રોનિક રીતે પોતાનો મત આપી શકે છે.

બુક ક્લોઝર અને અંતિમ ડિવિડન્ડઃ

બોર્ડે 27 મે, 2026ના રોજ યોજાયેલી તેમની મીટિંગમાં રૂ. 5/-ના ફેસ વેલ્યુ ધરાવતા ઇક્વિટી શેર દીઠ રૂ. 01.50/- એટલે કે 30% અંતિમ ડિવિડન્ડની ભલામણ કરી છે. જો AGMમાં આ ડિવિડન્ડ મંજૂર થાય, તો શુક્રવાર, 31 જુલાઈ, 2026ના રોજ વ્યવસાયના બંધ સમયે ભૌતિક સ્વરૂપે અથવા ડિમટીરિયલાઇઝ્ડ સ્વરૂપે શેર ધરાવતા સભ્યોને સ્ત્રોત પર ટેક્સ કપાત (TDS)ને આધીન ચૂકવવામાં આવશે. ડિવિડન્ડ સભ્યોના ખાતામાં 12 ઓગસ્ટ, 2026ના રોજ અથવા તે પછી જમા કરવામાં આવશે/મોકલવામાં આવશે. કંપનીના સભ્યોનું રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક શનિવાર, 01 ઓગસ્ટ, 2026 થી શુક્રવાર, 07 ઓગસ્ટ, 2026 (બંને દિવસો સહિત) સુધી કંપનીની 8મી AGM અને ડિવિડન્ડની ચૂકવણીના હેતુ માટે બંધ રહેશે.

ડિવિડન્ડ પર ટેક્સઃ

ફાઇનાન્સ એક્ટ, 2020 દ્વારા દાખલ કરાયેલા આવકવેરા અધિનિયમ, 2025 ('IT એક્ટ') અનુસાર, તારીખ 1 એપ્રિલ, 2020 થી અમલી બનેલ, ડિવિડન્ડની આવક સભ્યોના હાથમાં કરપાત્ર છે અને કંપનીએ આવકવેરા અધિનિયમ, 2025 ('IT એક્ટ') માં નિર્ધારિત દરો પર સભ્યોને ચૂકવવામાં આવતા ડિવિડન્ડમાંથી સ્ત્રોત પર ટેક્સ કાપવો ('TDS') જરૂરી છે. TDSની જરૂરિયાતોનું પાલન સક્ષમ કરવા માટે, સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ IT એક્ટ મુજબ તેમની રેસિડેન્શિયલ સ્ટેટસ (રહેણાંક સ્થિતિ), PAN, કેટેગરી તેમના DP પાસે પૂર્ણ અને/અવા અપડેટ કરે અથવા જો શેર ભૌતિક સ્વરૂપમાં હોય તો કંપની/રજિસ્ટ્રાર પાસે પ્રથમ નામ ધરાવતા સભ્ય દ્વારા યોગ્ય રીતે સહી કરેલી લેખિત વિનંતી સાથે ઉપરોક્ત દસ્તાવેજોની સ્વ-પ્રમાણિત નકલો મોડીમાં મોડી 30 જુલાઈ, 2026 સુધીમાં સબમિટ કરે. આ સંદર્ભમાં વિગતવાર માહિતી AGMની નોટિસમાં આપવામાં આવી છે.

સેલો વર્લ્ડ લિમિટેડ વતી
સહી/-
હેમાંગી ત્રિવેદી
કંપની સેક્રેટરી અને કમ્પ્લાયન્સ ઓફિસર

તારીખઃ 09 જુલાઈ, 2026
સ્થળઃ મુંબઈ

APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
૬ઠ્ઠી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ☎: 99984 46007
Book Tickets Now from : bookmyshow.com paytm @applecinemasurat
ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.

ધમાલ - 4



વેલકમ ટુ ધ જંગલ
આલ્ફા
મોના 3D હિન્દી
એવલ ડેડ બર્ન હિન્દી
રંગા ગુજરાતી
કોકટેલ-2
નાગબંધનમ્ (હિન્દી)
જીંદગી વન્સ મોર (ગુજરાતી)

વાપી મહાનગરપાલિકા- વાપી
૩૯૬૧૯૧, તા- વાપી, જી- વલસાડ

(જાહેર હરાજી અંગેની જાહેર નિવિદા) (બીજો પ્રયત્ન)

વાપી મહાનગરપાલિકા-વાપી, વાપી ટાઉન પોલીસ સ્ટેશન પાસે, વાપી-૩૯૬૧૯૧, તા-વાપી, જી.વલસાડ, ટે.નં. (૦૨૬૦) ૨૪૬૩૩૭૮ તરફથી યોગ્ય લાયકાત ધરાવતા અનુભવી કાર્ય કરવાની ઇચ્છા ધરાવનાર તથા સરકાર માન્યતા પ્રાપ્ત ઇજારદારશ્રી પાસેથી નીચે મુજબના કામો માટે ઓન લાઇન ભાવો મંગાવવામાં આવે છે. ટેન્ડરની વધુ વિગતો વાપી મહાનગરપાલિકા-વાપી કચેરીએ ઓફિસ સમય દરમ્યાન જોવા મળશે. તેમજ ઓનલાઇન https://vapimunicipality.nprocure.com, https://www.nprocure.com and tender.nprocure.com website ઉપર જોવા મળી શકશે. તેમજ દરેક કામનું કવર અલગથી સિલબંધ કવરમાં મોકલવાનું રહેશે. તથા કવર ઉપર કામનું નામ ટેન્ડર આઇ.ડી. અને સેનિટેશન શાખાનુ નામ અવશ્ય લખવાનું રહેશે. ભાવપત્રક ખોલવા કે ના ખોલવા તથા મંજુર કરવા કે નામંજુર કરવાનો હક્ક વાપી મહાનગરપાલિકા-વાપીને અબાધિત રહેશે. જે માટે કોઇપણ કારણો આપવામા આવશે નહિ.

અ.નં.	કામનું નામ	વિગત	૧. ટેન્ડર ફી	૨.બાનાની રકમ
૧	વાપી મહાનગરપાલિકા સેનિટેશન વિભાગના સાધનોની હરાજી કરવા અંગેનું કામ (બીજો પ્રયત્ન)	તમામ સાધનો (કન્ટેનર) અપસેટ વેલ્યુ સાથેની વિગત દર્શાવતું ટેન્ડરની કોપી મહાનગરપાલિકાના સેનિટેશન શાખામાંથી મેળવી લેવાની રહેશે.	1. Rs.1500/- (18% GST)- 270 Total-1770/-	3. Rs.17,100/-

ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ શરૂ કરવાની તારીખ	૧૦/૦૭/૨૦૨૬
ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ કરવાની આખરી તારીખ	૨૦/૦૭/૨૦૨૬ ૧૭.૦૦ કલાક સુધી
ટેન્ડર ડોક્યુમેન્ટ, ટેન્ડર ફી, બાનાની રકમ અને અન્ય દસ્તાવેજો માત્ર રજી. પોસ્ટ એડી/ સ્પીડ પોસ્ટ/કુરિયરમાં રજુ કરવાની આખરી તારીખ	૨૦/૦૭/૨૦૨૬ ૧૭:૦૦ કલાક સુધી
ટેન્ડર ખોલવાની સંભવિત તારીખ	૨૧/૦૭/૨૦૨૬ બપોરે ૧૨:૩૯ કલાકે (શક્ય હશે તો)

શરતોઃ-
(૧) ઉપરોક્ત સાધનો કચેરી સમય દરમ્યાન સેનિટેશન ભાગનો સંપર્ક કરી જોવા મળશે.
(૨) સાધનો જોઈ ભાવ ભરવાનો રહેશે.
(3) એજન્સી/ઠેકેદાર પાસે GST નંબર તથા પાન કાર્ડ નંબર હોવો જરૂરી છે.
(૫) ટેન્ડર કવર ઉપર કામનું નામ લખવાનું રહેશે. તથા ઉપરોક્ત કામે ભાવપત્રક મંજુર કરવા કે નામંજૂર કરવાનો હક વાપી મહાનગરપાલિકાને અબાધિત રહેશે, જે માટે કોઈપણ કારણો આપવામાં આવશે નહિ.

-સહી-
નાયબ મ્યુનિસિપલ કમિશ્નર
વાપી મહાનગરપાલિકા-વાપી

નં. માહિતી/વલસાડ/૨૩૮/૨૦૨૬

દક્ષિણ ગુજરાત વીજ કંપની લી.
DGVCL
CIN:U40102GJ2003SGC042909
ગ્રામ્ય વિભાગીય કચેરી,
અંકલેશ્વર ઓ.એન.જી.સી. વર્કશોપ સામે, સં.નિ.
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

વીજ પુરવઠો બંધ રહેવાની જાહેરાત

આથી અમારા માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ સબ સ્ટેશનમાં નવીન સોલાર ફીડરની પેનલ સ્થાપન કરવાની તથા દ.ગુ.વી.કં.લી ની લાઈન સમારકામની કામગીરી હોવાથી નીચેજણાવેલ સમયે દર્શાવેલ ફીડર પરથી વીજપુરવઠો મળી શકશે નહીં.

ક્રમ	સબ સ્ટેશન	ફીડર	સબ-ડીવિઝન	ફોલ્ટ સેંટર નં	તારીખ-વાર	સમય
1	૧૩૨ કે.વી વાલિયા	તમામ ૧૧ કેવી ફીડરો	વાલિયા	૮૯૮૦૮૦૩૯૧૨	૧૧.૦૭.૨૦૨૬ શનિવાર	૦૭.૦૦ થી ૧૦.૦૦
2	૬૬ કે.વી નેત્રંગ	તમામ ૧૧ કેવી ફીડરો	નેત્રંગ	૭૪૩૪૦૧૭૪૩૦	૧૧.૦૭.૨૦૨૬ શનિવાર	૦૭.૦૦ થી ૧૦.૦૦
3	૬૬ કે.વી ઝગડિયા	તમામ ૧૧ કેવી ફીડરો	ઝગડિયા	૮૯૮૦૮૦૩૯૧૫	૧૧.૦૭.૨૦૨૬ શનિવાર	૦૭.૦૦ થી ૧૦.૦૦

કામ પૂર્ણ થયા પછી કોઈપણ જાતની જાણ કર્યા સિવાય વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી

કાર્યપાલક ઇજનેર(સં.નિ.),ગ્રામ્ય વિભાગીય કચેરી,અંકલેશ્વર

એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.